ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૮ અંક : ૫૩ તા.૩૦-૧૦-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

ડ્રાઈવર ?

ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ staffavailable.com ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com

બજારને અત્યારે યોગ્ય લેવલ ઉપર લાવવાની પ્રક્રિયા

આંતરરાષ્ટ્રીય બજારમાં હવે ક્રૂડતેલના ભાવમાં રીતસરનો ભડકો

ગુરુવારે ભારતીય શેરબજારમાં સેન્સેક્ષમાં ૧૧૫૮ પોઈન્ટનો ઘટાડો જોવાયો અને આ ઘટાડો તેમજ છેલ્લા થોડા દિવસોથી જે રીતે ૬૨૦૦૦નું લેવલ એક વખત ટચ કર્યા પછી સેન્સેક્ષ અને નિફ્ટીમાં તોતીંગ ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ થઈ ગયો છે તે સ્પષ્ટ દર્શાવે છે કે ભારતીય બજારને અત્યારે તેના અતિશય મોંઘા લેવલથી ધીરે ધીરે નીચું લાવીને કંઈક અંશે યોગ્ય લેવલ ઉપર લાવવાની પ્રક્રિયા ચાલી રહી છે અને આ પ્રક્રિયા અતિશય આવશ્યક હતી.

આંતરરાષ્ટ્રીય બજારોમાં તો ડાઉજોન્સ અને નાસ્ડેકમાં ગયા અઠવાડિયા દરમ્યાન નવા ટોપ બન્યા છે અને તેથી આંતરરાષ્ટ્રીય બજારને કારણે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવાયો હોય તેવી કોઈ દલીલ ચાલી ન શકે.

સામે પક્ષે અત્યાર સુધી જે-જે કંપનીઓના પરિણામો આવ્યા છે તે તમામ પરિણામો ખૂબ જ પ્રોત્સાહ છે અને મોટા ભાગની કંપનીઓમાં ટોપલાઈનમાં ૨૦થી ૨૫ ટકાનો અને બોટમલાઈનમાં ૩૩ ટકાનો ઉછાળો જોવાયો છે અને તેથી પરિણામો ખરાબ છે તેવી કોઈ દલીલ અત્યારે ચાલી ન શકે.



કેટલાક અખબારોએ વિશ્વના કેટલાક દેશોમાં કોરોનાના કેસ વધ્યા તેને કારણે ભારતીય બજાર તૂટ્યું તેમ પણ શુક્રવારે સવારે દર્શાવ્યું હતું પરંતુ જ્યારે ભારતીય બજાર તૂટ્યું ત્યારે એ જ વખતે અમેરિકન શેરબજારો અને બીજે દિવસે એશિયાઈ શેરબજારોમાં ઉછાળાનો ટ્રેન્ડ હતો અને તેથી કોરોનાના કેસ વધ્યા છે તેને કારણે ભારતીય બજારમાં ઘટાડો જોવાયો છે તે દલીલમાં પણ કોઈ વજૂદ નથી.

ફુગાવો અંકુશમુક્ત આગળ વધી રહ્યો છે અને સાથે સાથે પેટ્રોલ અને ડિઝલના ભાવ પણ તોતીંગ દરે વધશે અને કેટલાક અખબાર અને એનાલિસ્ટોએ તો આવતા થોડા અઠવાડિયામાં પેટ્રોલનો ભાવ લિટરે રૂા. ૧૫૦ આપવો પડશે તેવી આગાહી પણ કરી છે અને તે આગાહીમાં પણ સંપૂર્ણપણે વજૂદ છે કારણ કે આંતરરાષ્ટ્રીય બજારમાં હવે ક્રૂડતેલના ભાવમાં રીતસરનો ભડકો છે અને અત્યારે પેટ્રોલ-ડિઝલને અંકુશમુક્ત કર્યા હોવાથી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ક્રૂડના ભાવ વધતા તેની સાથે સાથે પેટ્રોલ, ડિઝલ અને રાંધણગેસના ભાવ વધારવા પડે છે અને હવે જ્યારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓનું ડિસઈન્વેસ્ટમેન્ટ માથા ઉપર છે ત્યારે સરકાર પોતાની અંકુશમુક્ત ભાવનીતિમાં પાછીપાની ન કરી શકે. આમ આગામી દિવસોમાં પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ઝડપી ઉછાળો જોવાય અને તેને કારણે અસંખ્ય કંપનીઓના કાચામાલમાં ઉછાળો આવે અને નફાનો માર્જિન ઘટે તે સંભાવના ખૂબ મોટી છે. અને તે પાછળ પણ બજાર ઉપર થોડીક અસર રહેશે.

બીજી તરફ આવતા ૧૦ દિવસ દરમ્યાન લગભગ રૂા. ૩૧૦૦૦ કરોડના આઈપીઓ મૂડીબજારમાં આવી રહ્યા છે. રોકાણકારો અને હાઈનેટવર્થ ઈન્વેસ્ટરો અગાઉના આઈપીઓમાં સારું એવું કમાયા છે એટલે આ મોંઘાદાટ આઈપીઓમાં પણ તેઓ લાંબું વિચાર્યા વગર ચોક્કસ ભરવાના. હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોને અત્યારે તેઓ જે ભંડોળ લઈ રહ્યા છે તેની ઉપર વધારે વ્યાજ ચૂકવવાનું છે અને તેમ છતાં તેઓ કમાઈ લેવાની લાલચમાં ભરવાના. અગાઉ ઈઝ માય ટ્રીપ અને ઝોમેટોના આઈપીઓમાં સુંદર રિટર્ન છૂટ્યું હોવાથી અતિશય મોંઘો નાયકાનો અને તે પછી આવનાર પોલિસી બઝાર અને તે પછીના પેટીએમના આઈપીઓમાં લોકો ઘેલા થઈને ભરવાના, ભલે પછી બે મહિના પછી મ્યુઝિક ચેરની જેમ જેમના ગળામાં શેર રહી ગયા હશે તેઓ ચોક્કસપણે ફસાવાના.

ગુરુવારના કરેકશન પછી હજી પણ ભારતીય બજાર થોડુંક મોંઘું છે અને તેમાં ટેમ્પરરી ધોરણે કરેકશન આવે તે સંભાવના નકારી ન શકાય.

બીજી તરફ મુંબઈના ઓપરેટરોની એક ખાસિયત રહી છે કે અમૂક શેરો અથવા તો અમૂક સેક્ટરના શેરોને ખૂબ જ ઝડપથી ઊંચકી દીધા પછી તેઓ તે સેક્ટરને વહેતું મૂકે અને તે પછી બીજા સેક્ટરમાં શિફ્ટ થઈ જાય અને પછી જે શેરોને વહેતા મૂકવામાં આવ્યા હોય તેનો ઈન્વેસ્ટર બીજા ચાર વર્ષ સુધી તે શેરમાં ભાવ વધશે તે લાલચમાં ગૂપચૂપ બેસી રહે અને અત્યારે આ જ પ્રકારનો ટ્રેન્ડ સ્પેશ્યાલિટી કેમિકલ્સ શેરોમાં શિફ્ટ થયો છે. ૭૦,૮૦ અને ૯૦ના પીઈરેશિયો સુધી સ્પેશ્યાલિટી કેમિકલ્સ શેરોને ઊંચક્યા પછી હવે તેને ધીરે ધીરે વહેતા મૂકવાનું શરૂ કરાયું છે. થોડા મહિના પહેલા આ જ પ્રકારે ગ્રેફાઈટ ઈલેક્ટ્રોડ બનાવતી ગ્રેફાઈટ ઈન્ડિયા અને એચઈજીના શેરને આ જ રીતે ઊંચક્યા હતા અને તે પછી તેને વહેતા મૂક્યા અને તે છ મહિનાથી તેના ઈન્વેસ્ટરો ગ્રેફાઈટમાં ભાવ આવશે તેની રાહ જોઈ રહ્યા છે. આમ મુંબઈના ઓપરેટરો છેલ્લા ૨૦ વર્ષથી આ પ્રકારની રમત સફળતાપૂર્વક રમે છે અને ભોળા ઈન્વેસ્ટરો તેમાં ફસાતા જાય છે.

હવેના તબક્કે ઓપરેટરોનું ફોકસ નીચા ભાવે મળતા બેંક શેરો ઉપર રહેશે અને છેલ્લા ત્રણ વર્ષથી બેંક શેરો ઠંડા રહ્યા હોવાથી તેને ઊંચકવાની પ્રક્રિયા શરૂ થઈ રહી છે અને તેથી શેરબજારમાં પોતે શેર પસંદગીમાં બહું હોશિયાર છે તેમ માનવાને બદલે પ્રવાહની સાથે સાથે કામ કરવામાં જ સલામતી છે અને કમાઈ પણ શકાશે. બાકી શહીદો અમર રહોના લિસ્ટમાં તમારું નામ આવી શકશે.

સિમેન્ટ સેક્ટરમાં અત્યારે બે પરિબળ ખાસ ધ્યાનમાં લેવા પડે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ સતત વધતા જાય છે અને ભારતમાં પેટ્રોલ અને ડિઝલ અંકુશમુક્ત હોવાને કારણે તેના ભાવ ક્રૂડની સાથે સાથે વધવાના, સામે પક્ષે સરકારને પણ અત્યારે રૂા. ૩૦૦૦૦ કરોડ નવી સંસદ બાંધવામાં અને આ પ્રકારના અન્ય ખર્ચામાં વાપરવાના છે અને તેથી આ ખર્ચા ભેગા કરવા તેઓ પેટ્રોલ ઉપરની એક્સાઈઝ ડ્યૂટી નહિ ઘટાડે ઊલટાનું ક્રૂડ વધે અને એક્સાઈઝની કમાણી વધે તેમાં તેમને મજા છે કારણ કે તેમની આવક વધતી જશે. આ પરિસ્થિતિમાં સિમેન્ટ કંપનીઓનો મુખ્ય ખર્ચો ફ્યુઅલ અને ટ્રાન્સપોર્ટેશન બંનેમાં તોતીંગ ઉછાળો શરૂ થઈ ગયો છે.

સામે પક્ષે હવે રીયલ એસ્ટેટ સેક્ટરમાં પણ સુધારાનો ટ્રેન્ડ શરૂ થયો છે. અત્યાર સુધી તો કેવળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર અને ખાસ કરીને સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોની માંગ હતી પરંતુ હવે રીયલ એસ્ટેટમાં પણ એકદમ ધીમા દરે માંગ વધી છે. જે રીતે જંગી જાહેરાતો ડેવલપરો દૈનિક અખબારોમાં આપી રહ્યા છે તેટલા મોટા પ્રમાણમાં માંગ નથી વધી, પરંતુ જે તદ્દન ઠંડક અને નરમાઈ હતી તેને બદલે હવે થોડો થોડો સુધારો દેખાય છે અને આ ટ્રેન્ડ બીજા બે મહિનામાં વધારે ઝડપી બનવાની ગણતરી છે.

ત્રીજી તરફ સરકાર દ્વારા રૂા. ૧૦૦ લાખ કરોડનો ગતિશક્તિ પ્રોજેક્ટ ફાઈનલ કર્યો છે અને તેને કારણે પણ સંવત ૨૦૭૮ના પાછલા છ મહિનાથી સિમેન્ટની માંગમાં ઝડપી ઉછાળો આવી શકશે. આમ આગામી દિવસોમાં ભલે સિમેન્ટ શેરોમાં ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળે, પરંતુ તેમાં પાંચ-છ મહિના પછી આકર્ષણ વધવાની ગણતરી છે.

અલ્ટ્રાટેક સિમેન્ટનો શેર અત્યારે રૂા. ૭૪૪૦ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં હજી કોન્સોલિડેશન અને ટૂંકી વધઘટનો તબક્કો જળવાઈ રહે તે સંભાવના મજબૂત છે. થોડા દિવસો નબળાઈ જોવા મળે તો પણ નવાઈ નહિ લાગે.

બિરલા કોર્પોરેશનના શેરમાં આગામી દિવસોમાં મજબૂત અપટ્રેન્ડની જગ્યા દેખાય છે. તાજેતરમાં જ આ શેરે રૂા. ૧૩૧૦ સુધીનો ઘટાડો જોયો હતો અને તે પછી અત્યારે આ શેર રૂા. ૧૪૩૩ ઉપર ચાલે છે. અને ગુરુવારના તીવ્ર કડાકા વચ્ચે પણ આ શેરમાં રૂા. ૧૬નો ઉછાળો હતો. બિરલા કોર્પોરેશનમાં સપ્ટેમ્બર ક્વાર્ટરના સુંદર પરિણામોનો સપોર્ટ છે અને આગામી દિવસોમાં ધીમા સુધારા સાથે આ શેરમાં રૂા. ૧૬૦૦ ઉપરનો ભાવ આવી જવાની ગણતરી છે.

આ જ પ્રકારનો ઉછાળો આગામી દિવસોમાં **ઓરીએન્ટ સિમેન્ટ**ના શેરમાં પણ દેખાય છે. પૂર્વ ભારત અને મધ્ય ભારતના માર્કેટને આવરી લેતી આ કંપનીનો શેર રૂા. ૧૬૦ ઉપર છે અને તેમાં થોડા દિવસો નબળાઈ અને કોન્સોલિડેશન જોવાયા પછી ઝડપી ઉછાળાની જગ્યા છે અને તેથી ઘટાડે આ શેર ભેગા કરતા જવાય, ઉપરમાં રૂા. ૨૦૦-૨૨૦નો ભાવ એટલે કે અત્યારના લેવલથી રૂા. ૫૦-૬૦નું રિટર્ન દેખાય છે અને સી.કે. બિરલા ગ્રૂપની કંપની હોવાથી સલામત રોકાણ ગણી શકાય.

જે.કે. લક્ષ્મી સિમેન્ટમાં અત્યારે રૂા. ૬૧૦નો ભાવ ચાલે છે અને શોર્ટટર્મ નબળાઈનો તબક્કો છે. આવતા થોડા દિવસો આ શેર વધારે ઘટીને રૂા. ૫૯૬-૫૮૦ સુધી ઊતરી જાય તો પણ સહેજેય નવાઈ નહિ લાગે.

સામે પક્ષે **ધ રામકો સિમેન્ટ**ના શેરમાં માંગ સુંદર છે. રામકો અત્યારે રૂા. ૧૦૨૫ ઉપર ચાલે છે અને તેમાં થોડી નબળાઈ જોવાયા પછી ભાવમાં ઝડપી ઉછાળો આવી શકશે. દક્ષિણ ભારતની ટોચની કંપની હોવાથી રામકોના શેરમાં રોકાણ જાળવી રખાય.

બીજી તરફ **ઇન્ડિયા સિમેન્ટ** કે જે દક્ષિણ ભારતમાં મજબૂત પોઝિશન ધરાવે છે અને એક સમયે રાધાકિશન દામાણીના નામથી આ શેરમાં આકર્ષણ ઊભું થયું હતું તે ફેન્સી હવે ડાઉન થઈ ગઈ છે. અત્યારે રૂા. ૨૦૦ ઉપરના ભાવના આશેરમાં એકદમ ધીમો સુધારો જોવા મળવાની ગણતરી છે. તોફાની તેજીની સંભાવના હાલના તબક્કે નથી લાગતી.

મંગલમ્ સિમેન્ટનો શેર અત્યારે રૂા. ૪૨૫ ઉપર ચાલે છે અને આ શેરમાં પણ શોર્ટટર્મ નબળાઈનો તબક્કો છે. થોડા દિવસો નબળાઈ જોવાયા પછી ભાવમાં ઝડપી ઉછાળાની જગ્યા.

સિંઘાનિયા ગ્રૂપની **જે.કે. સિમેન્ટ** અત્યારે રૂા. ૩૨૧૬ ઉપર છે અને ગુરુવારના તીવ્ર કડાકા વચ્ચે પણ આ શેર ઊંચકાયો હતો. અત્યારના રૂા. ૩૨૧૬ના ભાવે આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૩૨૫૧ અને તે પછી રૂા. ૩૩૦૦નો ભાવ આવી જવાની ગણતરી છે.

બાંગૂર ગ્રૂપની **શ્રી સિમેન્ટ**નો શેર પણ ગુરુવારના ઘટાડા વખતે રૂા. ૧૧૨ ઊંચકાયો હતો. અત્યારે રૂા. ૨૮૨૨૦ ચાલે છે અને આ શેરમાં થોડા દિવસો ટૂંકી વધઘટ ઉપર ભાવ રહ્યા પછી નવી તેજી જોઈ શકાશે અને તેમાં રોકાણ જાળવી શકાય.

એસીસીના શેરમાં રૂા. ૨૨૮૬ના ભાવે ટૂંકાગાળામાં નબળાઈ જોવાયા પછી ભાવ વધવાની ગણતરી છે. ગુરુવારના કરેકશન વખતે પણ આ શેર રૂા. ૩૭ વધ્યો હતો અને તે પાસું તેનું મજબૂત ફન્ડામેન્ટલ દર્શાવે છે. આ ગ્રૂપની **અંબુજા સિમેન્ટ**માં પણ ગુરુવારના કરેકશન વખતે ભાવ રૂા. ૮ વધીને રૂા. ૩૯૦ ઉપર આવી ગયો હતો અને આગામી દિવસોમાં આ શેરમાં થોડો વખત કોન્સોલિડેશન જોવાયા પછી ઉપરમાં રૂા. ૪૨૦નો ભાવ આવી જવાની ગણતરી છે અને તેથી રોકાણ જાળવી શકાય.

સ્ટાર સિમેન્ટના શેરમાં અત્યારના રૂા. ૯૯ના ભાવે લાંબો કસ નથી દેખાતો. છેલ્લા ઘણા દિવસોથી રૂા.

૧૨૦ના લેવલથી ઘટીને રૂા. ૯૯ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં હજી વધારે ઘટીને રૂા. ૯૩ સુધી ઊતરી જવાની ગણતરી છે.

તે જ પ્રકારે **ઉદેપુર સિમેન્ટ**ના શેરમાં પણ હાલના તબક્કે લાંબો કસ નથી અને તેનાથી પણ દૂર જ રહેવું સલાહભરેલ.

પ્રીઝમ જોન્સન દ્વારા સુંદર પરિણામો જાહેર થયા છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના સારા પરિણામ વચ્ચે આ શેર રૂા. ૧૨૨ ઉપર આવ્યો છે પરંતુ એકંદરે મંદીની પકડમાં હોવાથી આગામી દિવસોમાં વધારે ઘટીને રૂા. ૧૧૫-૧૦૮ સુધી ઊતરી જાય તો સહેજેય નવાઈ નહિ લાગે.

વિદેશી પ્રમોટરો ધરાવતી **હિડલબર્ગ સિમેન્ટ** અત્યારે રૂા. ૨૪૦ ઉપર છે અને આ શેરમાં હજી નુકસાન હોવાને કારણે આકર્ષણ નથી શરૂ થયું. હજી થોડા દિવસો નબળો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી.

ડેક્કન સિમેન્ટનો શેર અત્યારે રૂા. ૬૯૯ ઉપર ચાલે છે અને આ શેરમાં પણ હજી થોડા દિવસો મંદીની પકડ છે અને નીચામાં રૂા. ૬૮૦ સુધી ઊતરી જવાની ગણતરી.

બિલ્ડિંગ પ્રોડક્ટ અને સિરામિક શેરોમાં આકર્ષણ વધ્યું છે. તેમ છતાં છેલ્લા થોડા દિવસોથી આ શેર કરેકશનના તબક્કામાં છે. **હૈદરાબાદ ઇન્ડસ્ટ્રીઝ** કે જે સિમેન્ટશીટના ધંધામાં ટોચનું નામ છે તેનો શેર રૂા. ૬૭૫૮ના ટોપથી ઘટીને અત્યારે રૂા. ૪૫૨૪ ઉપર આવી ગયો છે અને હજી આ શેરમાં નાના ઘટાડા સાથે રૂા. ૪૩૭૭ અને તે પછી રૂા. ૪૩૦૦ સુધી ભાવ ઊતરી જાય તેવી ગણતરી છે અને હજી થોડા દિવસો આ શેરથી દૂર જ રહેવું સલાહભરેલ.

તે જ પ્રકારે **વિસાકા ઇન્ડસ્ટ્રીઝ**ના શેરમાં અત્યારે નબળાઈનો તબક્કો ચાલી રહ્યો છે. વિસાકા સિમેન્ટ પ્રોડક્ટની સાથે સાથે ટેક્ષટાઈલનું પણ મોટું કામકાજ ધરાવે છે અને તેમ છતાં રૂા. ૮૭૩થી ઘટીને રૂા. ૬૦૨ ઉપર આવ્યો છે અને હજી આવતા થોડા દિવસો રૂા. ૫૯૨-૫૮૨ સુધી ઊતરી ગયા પછી તેમાં ટ્રેન્ડ બદલાવાની ગણતરી છે અને તેથી થોડીક રાહ જોવી જરૂરી.

રામકો ઇન્ડસ્ટ્રીઝમાં પણ નફાના આંકડા સારા આવ્યા છે પરંતુ તે શેરમાં પણ કરેકશન જોવાયું. કમાણીની સરખામણીમાં ભાવ એટલો બધો વધી ગયો હતો અને તેને કારણે રૂા. ૩૬૬થી ઘટીને અત્યારે રૂા. ૨૮૫ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં હજી આ શેર વધારે ઘટીને રૂા. ૨૭૨ સુધી ઊતારી દેવાય તો સહેજેય નવાઈ નહિ લાગે.

એસીસી હસ્તકની **એવરેસ્ટ ઇન્ડસ્ટ્રીઝ**માં પણ આ જ પ્રકારનો ટ્રેન્ડ છે અને એવરેસ્ટ ઇન્ડસ્ટ્રીઝ રૂા. ૫૩૪ના લેવલથી ઘટીને રૂા. ૪૩૭ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૪૨૪ અને તે પછીના ઘટાડે રૂા. ૪૦૭ સુધી ભાવ આવી જાય તો નવાઈ નહિ લાગે.

સિરામીક ટાઈલ્સ કંપનીઓમાં તો પરિસ્થિતિ વધારે ખરાબ છે. સિરામિક પ્રોડક્ટના ઉત્પાદનમાં અગાઉ ફર્નેશ ઓઈલનો ઉપયોગ થતો હતો અને તેમાં પોલ્યુશન થાય છે તે વાત લાવીને આ ઉદ્યોગને કુદરતી ગેસ એટલે કે સીએનજીમાં તબદીલ કરાવી દીધી અને હવે સીએનજીના ભાવમાં તોતીંગ ઉછાળો આવી જતા આ કંપનીઓની પરિસ્થિતિ કફોડી થઈ ગઈ છે. એક

ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, ગુરુવારના ૧૧.૬૮ પોઈન્ટના ઘટાડા પછી શુક્રવારે પણ એક તબક્કે સેન્સેક્ષમાં ૫૦૦ પોઈન્ટનો ઘટાડો અને તે પછી નવા અઠવાડિયાથી ધીમો સુધારો જોવાય.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, ગતિશક્તિ પ્રોજેક્ટને કારણે લાર્સન એન્ડ ટુબ્રોના બિઝનેસમાં તોતીંગ ઉછાળો જોવાશે. અને તેથી અત્યારના રૂા. ૧૮૦૦ આસપાસના ભાવે આ શેરમાં રોકાણ વધારતા જવાય. આગામી દિવસોમાં રીરેટીંગ સાથે રૂા. ૨૦૦૦ના ભાવની ગણતરી.
- **સ્ટેટ બેંક**, નફાશક્તિ જોરદાર આવશે, અગાઉ માંદા ધિરાણો હતા તે બેડબેંકને પધરાવી દીધા અને તે રીતે કાટમાળને અત્યારે તો ગાલીચાની નીચે છુપાવી દીધો છે. અને તે પછી ઓપરેટરો શેરને ઝડપથી ઊંચકી દેવાની તૈયારીમાં, રૂા. ૫૦૦વાળા આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૬૦૦ના ભાવની આરએસની ગણતરી, થોડાક શેરો લઈને મૂકી દેવાય.
- **તાતા મોટર્સ**, માર્કેટ હિસ્સામાં હવે હૂંડઈને પાછળ રાખીને બીજા નંબરના સ્થાને આવી જવાની તૈયારીમાં, તેના નવા મોડલોની ક્વોલિટી જોરદાર, પેસેન્જર કાર બિઝનેસ અને ઈલેક્ટ્રિક કાર બિઝનેસને અલગ કંપનીમાં લઈ જવાય અને ભવિષ્યમાં લિસ્ટિંગ કરાવાય તે સ્ટ્રેટેજી અફલાતૂન રહેવાની સંભાવના. રૂા. ૪૮૦ આસપાસના ભાવે થોડા થોડા શેરો ભેગા કરતા જવાય. સુંદર રિટર્નની જગ્યા.
- **ટાઈટન**, વેલ્યૂએશન ચોક્કસપણે મોંઘું છે, પરંતુ જે રીતે સોનાના ભાવ વધ્યા છે અને સોનાના દાગીનાના વેચાણો તોતીંગ દરે વધી રહ્યા છે તે જોતા આખા સોની બજારને બાજુ ઉપર રાખીને ટાઈટન જ દાગીનાનું કામકાજ ધરાવે તો નવાઈ નહિ લાગે. રૂા. ૨૩૭૫ના ઊંચા ભાવે પણ આ શેરમાં રોકાણ જાળવી રાખજો, ભલે શોર્ટટર્મમાં રિટર્ન મળે, ઈન્વેસ્ટમેન્ટની રીતે આકર્ષક.
- **ઇન્ડસઇન્ડ બેંક**, ટ્રકોના ધિરાણોમાં તોતીંગ ઉછાળો, સપ્ટેમ્બર ક્વાર્ટરનો નફો પણ સારો આવ્યો અને આગામી દિવસોમાં રૂા. ૧૧૭૬વાળા આ શેરમાં ધીરે ધીરે રૂા. ૧૪૦૦ના ભાવની ગણતરી, થોડા મહિના જાળવવાની તૈયારી સાથે ભેગા કરતા જજો.
- **યુનાઇટેડ ફોસ્ફરસ**, વિશ્વની ટોચની એગ્રો કેમિકલ્સ કંપની તરીકે નામ, યૂરોપના માર્કેટમાં જોરદાર વેચાણો, નફો સુંદર આવી રહ્યો છે. અત્યારના રૂા. ૭૨૯ના ભાવે એસઆઈપીની રીતે ભેગા કરતા જજો. ૫૦ ટકા વધીને રૂા. ૧૦૦૦ ઉપરનો ભાવ જોવા મળશે.
- **મારૂતિ સુઝુકી**, ઈલેક્ટ્રિક વાહનના ધંધામાં રોકાણ કરવાનું જોખમ ન લેવાની મેનેજમેન્ટની નીતિ ભારે પડવાની, અત્યારે ચીપ્સને કારણે વેચાણો અને નફામાં ગાબડું, શેર અત્યારે રૂા. ૭૩૬૯ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં વધારે ઘટાડાનો ભય, દૂરંદેશીવાળી મેનેજમેન્ટ ન હોય તેવા શેરમાં લાંબુ ખેંચવામાં જોખમ.
- **એચડીએફસી બેંક**, શેરબજાર ભલે ગબડે, પરંતુ અર્થતંત્ર સુધરી રહ્યું છે અને અર્થતંત્ર સુધરે તો તેનો સૌથી વધારે ફાયદો બેંકિંગ સેક્ટરને અને પ્રથમ નંબરની બેંકને મળવાનો, એક તરફ ક્રેડિટ કાર્ડ ધિરાણોમાં મોટો ઉછાળો અને બીજી તરફ રિટેઈલ અને કોર્પોરેટ ધિરાણો પણ વધવાના, રૂા. ૧૫૯૩ના ભાવે એચડીએફસી બેંકના શેર ભેગા કરતા જજો, રૂા. ૧૮૦૦થી વધારીને હવે રૂા. ૨૦૦૦નું લક્ષ્યાંક મૂકી રહ્યા છીએ. લગભગ ૩૩ ટકા રિટર્ન થયું.
- **તાતા કન્ઝ્યુમર**, મીઠાની ડિલિવરીની સાથે સાથે ચાના પેકેટ અને મસાલાના પેકેટ થોડા પ્રોત્સાહન સાથે વેચવાની આ કંપનીની સ્ટ્રેટેજી જોરદાર હિટ રહેવાની. આ વખતે તો નફો થોડોક જ વધ્યો છે, પરંતુ આ કંપનીએ પણ દીપિકા પાદુકોનને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ચમકાવાનું શરૂ કર્યું છે. ટાઈટન અને એશિયન પેઈન્ટમાં તો દીપિકાની જાહેરાત જોરદાર રહી, તાતા કન્ઝ્યુમરને પણ ફળશે, રૂા. ૮૦૯ના ભાવે એસઆઈપીની રીતે ભેગા કરતા જજો, ધીરે ધીરે રૂા. ૧૦૦૦-૧૨૦૦નું મધ્યમગાળે લક્ષ્યાંક.

SHAH FOODS LIMITED

CIN : L15419 GJ 1982 PLC 005071
Regd. Office : Kalol Mehsana Highway, PO.-Chhatral, Tal.-Kalol, Dist.-Gandhinagar-382729
Telephone 079 26448371 , 02764233931 email : shahfoods.ahmedabad@gmail.com
Statement of Standalone Unaudited Financial Results for the Quarter Ended 30.09.2021
(Rs. in lakhs)

SR No.	PARTICULARS	Three Months ended			Half Yearly		Year Ended
		30-09-2021 Unaudited	30-06-2021 Unaudited	30-09-2020 Unaudited	30-09-2021 Unaudited	30-09-2020 Unaudited	31-03-2021 Audited
1	Total Income From Operations (net)	0.12	0.01	0.34	0.13	1.19	10.18
2	Net Profit/(Loss) for ordinary activities (before Tax, Exceptional and/or Extraordinary Items)	(5.33)	(7.09)	(12.73)	(12.42)	(22.03)	(55.16)
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	(5.33)	(7.09)	(12.73)	(12.42)	(22.03)	(55.16)
4	Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	(5.33)	(7.09)	(12.73)	(12.42)	(20.54)	(55.28)
5	Total Comprehensive Income for the Period {Comprising Profit/Loss for the period (After Tax) and Other Comprehensive Income (After Tax)}	(5.33)	(7.09)	(12.73)	(12.42)	(20.54)	(55.28)
6	Equity Share Capital.(face value of Rs.10 each)	59.75	59.75	59.75	59.75	59.75	59.75
7	Reserves (excluding Revaluaton Reserve) as shown in balance Sheet of previous	(69.48)	(64.14)	(22.32)	(69.48)	(22.32)	(57.05)
8	Earning Per Share (before extraordinary items) of Rs.10 /- each						
	Basic	(0.89)	(1.19)	(2.13)	(2.08)	(3.44)	(9.25)
	Diluted	(0.89)	(1.19)	(2.13)	(2.08)	(3.44)	(9.25)
9	Earning Per Share (after extraordinary items) of Rs.10 /- each						
	Basic	(0.89)	(1.19)	(2.13)	(2.08)	(3.44)	(9.25)
	Diluted	(0.89)	(1.19)	(2.13)	(2.08)	(3.44)	(9.25)

Notes :
1. The above Results have been reviewd by the Audit Committee and approved by the Board of Directors of the Company at its Meeting held on 28th October ,2021. The statutory auditors have carried out a limited review of the results for the quarter ended September 30, 2021 and have expressed an unqualified audit opinion.
2. The figures for the previous period/year have been regrouped /reclassified , wherever necessary.
3. This Statement has been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules,2015 (Ind As), prescribed under section 133 of the Companies Act, 2013, and other recognized accounting practices and policies to the extent applicable.
4. The Disclosure is as per Regulation 33 of SEBI (Listing Obligations & Discloser Requirements) Regulations, 2015.
5. The Company is operating in single segment, so above results are for single segment only.
6. The outbreak of corona virus (COVID-19) pandemic globally and in India is causing significant disturbance and slowdown of economic activity. The Company's operations and revenue during the quarter were impacted due to COVID-19. The Company has taken into account the possible impact of COVID-19 in preparation of the unaudited standalone financial results, including its assessment of recoverable value of its assets based on internal and external information upto the date of approval of these unaudited standalone financial results and current indicators of future economic conditions

For and on behalf of the Board of Directors
For, Shah Foods Limited
Sd /-
Nirav J. Shah
Managing Director
DIN : 01880069

Place : Ahmedabad
Date : 28-10-2021

POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN No: L17299GJ1993PLC032905
Registered Office: 229-230,Village : Valthera,
Taluka – Dholka, Distt. Ahmedabad, Gujarat - 387810
Ph No.: 079-26427800, Fax: 079-26421864
Website:www.polylinkpolymers.com
E-mail: polylink@polylinkpolymers.com

નોટિસ

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૯ અન્વયે નોટિસને પાઠવવામાં આવે છે કે તા.૦૯મી નવેમ્બર ૨૦૨૧,મંગળવારનાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ મળશે. જેમાં ૩૦મી સપ્ટેમ્બર,૨૦૨૧ ના રોજ પૂરા થયેલા બીજા ક્વાર્ટર અને છ મહીનાનાં અન-ઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે અને અન્ય બીઝનેસ આઈટમો.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.polylinkpolymers.com અને સ્ટોક એક્ષચેંજની વેબસાઈટ www.bseindia.com ઉપર પણ જોઈ શકાશે.

પોલીલીંક પોલીમર્સ(ઇન્ડીયા)લીમીટેડ
બોર્ડ ઑફ ડાયરેક્ટર્સના હુકમ થી

તારીખઃ૩૦.૧૦.૨૦૨૧
સ્થળ :અમદાવાદ

સહી/-અંકીત વગેરીયા
કંપની સેક્રેટરી